# આણંદ કૃષિ યુનિવર્સિટીનો આંતર મહાવિદ્યાલય અને આંતર પોલીટેકનીક ખેલ કૂદ મહોત્સવ– ૨૦૧૯

બાગાયત મહાવિદ્યાલય, આ.કૃ.યુ., આણંદ અને શેઠ ડી. એમ. પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, આ.કૃ.યુ., વડોદરાના સંયુકત ઉપક્રમે આણંદ કૃષિ યુનિવર્સિટીનો આંતર મહાવિદ્યાલય અને આંતર પોલીટેકનીક ખેલ કૂદ મહોત્સવ–૨૦૧૯ તા. ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૯ ના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટીનાં જીમખાના મેદાન ખાતે યોજવામાં આવેલ હતો. જેમા આણંદ કૃષિ યુનિવર્સિટીની ૧૦ મહાવિદ્યાલય તથા ૫ પોલીટેકનીકના કુલ ૨૪૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ખેલ કૂદની જુદી જુદી રમતોમાં ભાગ લીધેલ હતો.

તા. ૨૧/૦૨/૨૦૧૯ ના ઉદ્દઘાટન સમારોહની શરૂઆત વિદ્યાર્થીઓએ પ્રાર્થના ધ્વારા કરી. ત્યાર બાદ પધારેલ મહેમાનો ધ્વારા દિપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો. આ પ્રસંગે બાગાયત મહાવિદ્યાલયનાં આચાર્યશ્રી ર્ડા. એચ. સી. પટેલે પધારેલ મહેમાનોનું શાબ્દીક સ્વાગત કરી સાથે સાથે ખેલકૂદની અગત્યતા પર ધ્યાન દોર્યુ. ત્યાર બાદ નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, ર્ડા. એસ. એચ. અકબરી તેમજ વિદ્યાશાખાધ્યક્ષ, બાગાયત વિદ્યાશાખા, ર્ડા. કે. પી. પટેલ ધ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન કરવામાં આવ્યું. ઉદ્દઘાટન કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે પધારેલ શ્રી રોહિતભાઈ પંચાલ કે જેઓ સરદાર પટેલ એવોર્ડ વિજેતા, (રાષ્ટ્રીય શુટીંગ) તેઓએ રમતવીરોને પ્રોત્સાહન માર્ગદર્શન પુરૂ પાડયું. કાર્યક્રમનાં અધ્યક્ષ અને માન. કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી ર્ડા. એન. સી. પટેલ દરેક ખેલાડીઓને શુભેચ્છા પાઠવી જણાવ્યું કે જીવનની કારકીર્દીમાં અભ્યાસની સાથે સાથે રમતોનું શું મહત્વ છે. તેના પર પ્રકાશ પાડી બે દિવસનાં ખેલકૂદ મહોત્સવને ખુલ્લો મૂકયો. અંતમાં ર્ડા. બી. એચ. પંચાલ, આચાર્ય અને યુનિટ અધિકારી, શેઠ ડી. એમ. પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર ધ્વારા સૌનો આભાર માનવામાં આવ્યો. સદર ઉદ્દઘાટન સમારંભમાં આમંત્રિત મહેમાનો, સભ્ય મહાવિદ્યાલયનાં આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રીઓ હાજર રહેલ હતા. તા. ૨૨/૦૨/૨૦૧૯ નાં રોજ સાંજે ૪.૦૦ કલાકે ખેલ કૂદ મહોત્સવ–૨૦૧૯ નાં આ રમતગમતમાં એગ્રીકલ્ચર એન્જીનીયર કોલેજ, ગોધરા, વિજેતા અને બાગાયત મહાવિદ્યાલય ઉપ વિજેતા જાહેર કરવામાં આવેલા હતા. પોલીટેકનીક કોલેજોમાં શેઠ એમ. સી. પોલીટેકનીક ઈન એગ્રીકલ્ચર, આણંદને વિજેતા તથા શેઠ ડી. એમ. પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, વડોદરાને ઉપ વિજેતા જાહેર કરવામાં આવેલ હતા.

સમાપન સમારોહની શરૂઆત ર્ડા. બી. એચ. પંચાલ, આચાર્ય અને યુનિટ અધિકારીશ્રી, શેઠ ડી. એમ. પોલીટેકનીક ઈન હોર્ટીકલ્ચર, વડોદરા ધ્વારા સ્વાગત પ્રવચન કરી કરવામાં આવી. ત્યાર બાદ બે દિવસ દરમ્યાન જે રમતવીરો જુદી જુદી સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાને આવેલ હતા, તેઓને શીલ્ડ તથા પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું. ર્ડા. એસ. એચ. અકબરી, નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિએ વિજેતાઓને અભિનંદન પાઠવી આવતા વર્ષે યોજાનાર ખેલ કૂદ મહોત્સવનાં યજમાન ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલયનાં એસ.આર.સી. ચેરમેન ર્ડા. અમિત પટેલને આ.કૃ.યુ. નો ધ્વજ અર્પિત કર્યો. સમાપન સમારોહનાં અંતમાં ર્ડા. એ. એચ. બારડે, એસ.આર.સી. ચેરમેન, બાગાયત મહાવિદ્યાલય સૌ આમંત્રિત મહેમાનો, કમીટી સભ્યો તથા સ્વયં સેવક વિદ્યાર્થીઓનો આભાર માન્યો.






Inter Collegiate & Inter Polytechnic
Athletic Meet
Date : 21-22 Feb, 2019
Organized by
COLLEGE OF HORTICULTURE & SHETH D.M. POLYTECHNIC IN HORTICULTURE
ANAND AGRICULTURAL UNIVERSITY, ANAND




48
72










Athletic Meet
Date : 21-22 Feb, 2019
Organized by


Inter Collegiate & Inter Polytechnic
Athletic Meet
Date : 21-22 Feb, 2019


Inter Collegiate & Inter Polytechnic
Athletic Meet
Date : 21-22 Feb, 2019
Organized by